## ૧૨થી વધુ ડબ્બા ખડી પડતાં મુંબઈ-દિલ્હી વચ્ચેનો રેલવેમાર્ગ ખોરવાયો

# દાહોદ પાસે માલગાડીના ૧૨ ડબ્બા ખડી પડ્યા

### ટ્રેન ઉપર જતા કેબલોમાં ભારે નુકશાની જોવા મળી હતીઃપાટાને પણ ભારે નુકસાન થયું હતુંઃઅધિકારીઓ તાત્કાલિક દોડયા

અમદાવાદ,તા.૧૫

દાહોદ નજીક દિલ્હી મુંબઈ મુખ્ય રેલ્વે માર્ગના મંગલ મહુડી નજીક રેલવે અકસ્માત સર્જાયો હતો. માલગાડીનું ડિરેલમેન્ટ થતા અનેક ડબ્બા પાટા પરથી ઉતરી ગયા હતા. લગભગ ૧૨ ઉપરાંત માલગાડીના ડબ્બા એકબીજા પર ચઢી ગયા હતા. સદનસીબે કોઈ જાનહાનિ થઈ નથી. દાહોદમાં મંગલ મહુડી નજીક માલગાડી પાટા પરથી ઉતરી જતા મુંબઈ દિલ્હી રેલમાર્ગ ખોરવાયો હતો. અન્ય ટ્રેનોની આવનજાવન પર મોટી અસર પડી હતી. ટ્રેન ઉપર જતા કેબલોમાં ભારે નુકશાની જોવા મળી હતી. તેમજ રેલવેના પાટાને પણ ભારે નુકસાન થયું હતું. ઘટનામાં રેલવેના અધિકારીઓ તથા કર્મચારીઓ તાત્કાલિક દોડતા થયા હતા. મહત્વનું છે કે માલગાડી ડીરેલ થતાં મુંબઈ- દિલ્હી વચ્ચેનો રેલમાર્ગ ખોરવાયો છે. કારણ કે માલગાડીના ૧૨ થી વધુ ડબ્બા પાટા પરથી ખડી પડતાં રેલવે ટ્રેકને ભારે નુકશાન થયુ છે. તો સાથે જ ટ્રેન ઉપર જતા કેબલો પણ તુટી પડતાં યાતાયાત અટકી ગયો છે. હાલ તો રેલવેના અધિકારીઓ અને કર્મચારીઓ ઘટનાસ્થળે પહોંચ્યા છે અને રેલવે ટ્રેકનું યુદ્ધના ધોરણે સમારકામમાં લાગી ગયા છે. મળતી માહિતી પ્રમાણે માલગાડી રતલામ તરફથી આવી રહી હતી. આ દરમિયાન રાત્રે ૧૨:૩૦ વાગ્યે કોઈ કારણસર પાછળથી ૧૭થી ૧૮ ડબ્બા છૂટા પડી ગયા હતા. ડબ્બાના વ્હીલ નીકળીને ટ્રેકની આજુબાજુમાં પડ્યા હતા. આ ઉપરાંત રેલવેના ડબ્બા એકબીજા ઉપર ચઢી ગયા હતા. ડબ્બાઓમાં રહેલો સામાન આસપાસ ઢોળાયો હતો. આ ઉપરાંત રેલવે લાઈનના કેબલને ભાર નુકસાન પહોંચ્યું છે. અકસ્માતને પગલે કેબલ તૂટી ગયો હતો. રેલવેનો ટ્રેક પણ ઉખડી ગયો હતો. અકસ્માતને પગલે વહેલી સવારથી જ રેલવે તરફથી રેલ વ્યવહારને પૂર્વવ્રત કરવાની કામગીરી આરંભી દેવામાં આવી હતી. રેલવેના અધિકારીઓ આશા રાખી રહ્યા છે કે બપોર સુધી કેબલ જોડવાથી લઈને ટ્રેક સરખો થઈ શકે છે. એટલે કે બપોર બાદ આ રૂટ શરૂ થઈ શકે છે. જોકે, ઘટના સ્થળના દ્રશ્યો જોઈને આ કામ લાંબુ ચાલે તેવું લગી રહ્યું છે. આ મામલે ફ્રઈસ મુંબઈ સેન્ટ્રલ, વેસ્ટર્ન રેલવે તરફથી ટ્વીટ કરવામાં આવ્યું છે કે રત્લામ ડિવિઝનની ખાતે ગુડ્સ ટ્રેન પાટા પરથી ઉતરી જતાં ઘણી ટ્રેનને ડાઈવર્ટ કરવામાં આવી છે.



### હવામાન વિભાગે વરસાદને લઈને આગાહી કરી

# ૨૨ જુલાઈથી ગુજરાતમાં ભારે વરસાદ પડવાની વકી

### વરસાદનો પહેલો રાઉન્ડ પૂર્ણ થયો : સરેરાશ ૫૬.૧૩ ટકા વરસાદ

અમદાવાદ,તા.૧૮

ગુજરાતમાં આ વર્ષે જુલાઈમાં ભારે વરસાદ વરસ્યો છે. રાજ્યના અનેક વિસ્તારમાં વરસાદે તારાજી સર્જી છે. ત્યારે વરસાદનો બીજો રાઉન્ડ આવશે એવી હવામાન વિભાગે આગાહી કરી છે. બીજી તરફ, અરબી સમુદ્રમાં સર્જાયેલું લો પ્રેશર ઓમાન તરફ ફંટાયું છે. ભલે આ લો પ્રેશર ઓમન તરફ ફંટાયુ હોય પણ દક્ષિણ ગુજરાત અને દરિયા કિનારાના વિસ્તારોમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગની આગાહી મુજબ, પાંચ દિવસ સુધી છૂટોછવાયો વરસાદ રહેશે. ૨૨ જુલાઈથી ગુજરાતમાં વરસાદનો બીજો રાઉન્ડ શરુ થશે. જે બાદ રાજ્યના કેટલાંક વિસ્તારોમાં ભારે વરસાદ પડશે. મહત્વનું છે કે, ગુજરાતમાં આ વખતે વરસાદનો પહેલો રાઉન્ડ પૂર્ણ થઈ ગયો છે. પહેલાં રાઉન્ડમાં સરેરાશ ૫૬.૧૩ ટકા વરસાદ નોંધાયો છે. ત્યારે આગામી ૨૨ જુલાથી વરસાદનો બીજો રાઉન્ડ શરુ થવાની હવામાન વિભાગની આગાહી છે. બીજી તરફ, જ્યોતિષોએ પણ આગાહી કરતા જણાવ્યું છે કે, ગુજરાતમાં આગામી ૨૨ જુલાઈથી વરસાદનો બીજો રાઉન્ડ શરુ થશે. ત્યારે ૨૪થી ૨૬ જુલાઈ દરમિયાન દરિયાઈ કિનારાના વિસ્તારોમાં ભારે પવન ફૂંકાશે. સાથે જ ૩૦ જુલાઈ સુધીમાં ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં ભારે વરસાદ પડવાની શક્યતા છે. આ આગાહી મુજબ, દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્રના દરિયા કિનારાના ભાગો, મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાતના કેટલાંક વિસ્તારોમાં ભારે વરસાદ પડવાની શક્યતા છે.

જો કે, હજુ વરસાદની સિઝન પૂરી થઈ નથી, પણ ભારે વરસાદ થવાની આગાહી કરવામાં આવી છે. હજુ પણ ઉત્તર ગુજરાતના અને મધ્ય ગુજરાતના કેટલાંક વિસ્તારોમાં વરસાદ જોઈએ એટલાં પ્રમાણમાં વરસ્યો નથી. ત્યારે વરસાદના બીજા રાઉન્ડમાં ભારે વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે. ભારે વરસાદ બાદ કૃષિને પણ ફાયદો થશે.

# રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૫૯૬ કેસ નોંધાયા

### કોરોના સંક્રમણથી ૬૦૪ દર્દીઓ સાજા થયા : હાલ ૪૭૬૮ એક્ટિવ કેસ

ગાંધીનગર, તા.૧૮

રાજ્યમાં આજે કોરોના કેસમાં ઘટાડો નોંધાયો છે. તેને અર્થ એમ નથી કે કોરોનાનો ખતરો ઘટી ગયો છે. હાલ પણ રાજ્યમાં કોરોનાના કેસ ૫૦૦ થી વધુ આવી રહ્યા છે. સાવચેતી નહીં રાખો તો આ અંકડો વધી પણ શકે છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૫૯૬ કેસ નોંધાયા છે. જ્યારે કોરોના સંક્રમણથી ૬૦૪ દર્દીઓ સાજા થયા છે. ત્યારે રહાતની વાત એ છે કે રાજ્યમાં કોરોનાથી આજે એકપણ દર્દીનું મોત થયું નથી. આ સાથે કોરોનાનો રિકવરી રેટ ઘટીને ૯૮.૭૪ ટકા થઈ ગયો છે. રાજ્યમાં હાલ ૪૭૬૮ એક્ટિવ કેસ છે. જેમાંથી ૮ દર્દી વેન્ટિલેટર પર છે. જ્યારે ૪૭૬૦ દર્દીઓ સ્ટેબલ છે. રાજ્યમાં કોરોનાને અત્યાર સુધીમાં કુલ ૧૨,૨૭,૬૦૫ દર્દીઓ મ્હાત આપી ચુક્યાં છે. જ્યારે રાજ્યમાં કોરોના વાયરસને કારણે કુલ ૧૦,૯૫૪ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે. જોકે, જિલ્લા અને કોર્પોરેશન મુજબ કોરોના કેસની વાત કરવામાં આવે તો અમદાવાદ કોર્પોરેશનમાં સૌથી વધુ ૨૦૩ કેસ સામે આવ્યા છે. સુરત કોર્પોરેશનમાં ૫૮, વડોદરા કોર્પોરેશનમાં ૪૭, ગાંધીનગર કોર્પોરેશનમાં ૧૬, ભાવનગર કોર્પોરેશનમાં ૧૩, રાજકોટ કોર્પોરેશનમાં ૧૨ અને જામનગર કોર્પોરેશનમાં ૨ દર્દીઓ સાજા થયા છે. જ્યારે મહેસાણામાં ૩૯, બનાસકાંઠામાં ૩૭, કચ્છમાં ૩૨, ગાંધીનગરમાં ૨૧, સુરત ૧૬, આણંદમાં ૧૨, વલસાડમાં ૧૦, મોરબીમાં ૮, વડોદરામાં ૭, અમરેલીમાં ૬, દેવભૂમિ દ્વારકામાં ૬, નવસારીમાં ૬, અમદાવાદમાં ૫, રાજકોટમાં ૫, સાબરકાંઠામાં ૫, અરવલ્લીમાં ૪, પંચમહાલમાં ૪ પોરબંદરમાં ૪, ભરૂચમાં ૩, ગીર સોમનાથમાં ૩, સુરેન્દ્રનગરમાં ૩, ખેડામાં ૨, પાટણમાં ૨, તાપીમાં ૨, ભાવનગરમાં ૧, દાહોદમાં ૧ અને જામનગરમાં ૧ કેસ નોંધાયો છે. જો હવે ડિસ્ચાર્જ દર્દીઓની વાત કરવામાં આવે તો અમદાવાદ કોર્પોરેશનમાં સૌથી વધુ ૧૮૫ દર્દીઓ સાજા થયા છે. સુરત કોર્પોરેશનમાં ૭૧, વડોદરા કોર્પોરેશનમાં ૫૧, ગાંધીનગર કોર્પોરેશનમાં ૨૧, ભાવનગર કોર્પોરેશનમાં ૮૨, રાજકોટ કોર્પોરેશનમાં ૧૩ અને જામનગર કોર્પોરેશનમાં ૫ દર્દીઓ સાજા થયા છે. જ્યારે મહેસાણામાં ૩૧, બનાસકાંઠામાં ૨, કચ્છમાં ૧૯, ગાંધીનગરમાં૯, સુરત ૨, આણંદમાં ૯, વલસાડમાં ૬, મોરબીમાં ૧૧, વડોદરામાં ૫, અમરેલીમાં ૧૩, દેવભૂમિ દ્વારકામાં ૪, નવસારીમાં ૧૩, અમદાવાદમાં ૩, રાજકોટમાં ૭, સાબરકાંઠામાં ૮, અરવલ્લીમાં ૮, પોરબંદરમાં ૧, ભરૂચમાં ૨, ગીર સોમનાથમાં ૧, સુરેન્દ્રનગરમાં ૧, ખેડામાં ૪, પાટણમાં ૧, તાપીમાં ૩, ભાવનગરમાં ૧૨ અને જૂનાગઢમાં ૦૧ દર્દીઓ સાજા થયા છે.

### અહેમદ પટેલની હાજરીમાં રૂપિયા અપાયા હતા

# તીસ્તા કેસમાં SIT ફરી પોલીસ અધિકારીઓના નિવેદન લેશે

### સંજીવ ભટ્ટે કોર્ટમાં ખોટુ સોગંદનામું કર્યુ હોવાનો ખુલાસો

અમદાવાદ,તા.૧૮

ગુજરાત રમખાણ મામલે તિસ્તા કેસમાં હવે તે સમયના એસઆઈટી તત્કાલીન ડીજીપી, તે વખતના આઈબી ડીજીપી, તે વખતના એસીએસ હોમ સહિતના અધિકારીઓના ફરીથી નિવેદન લેવાશે. સંજીવ ભટ્ટના ખોટા સોંગદનામાને લઈને એસઆઈટી તમામ અધિકારીઓના નિવેદન નોંધશે. ગુજરાત રમખાણોના મામલે તે સમયે પણ એક એસઆઈટી બનાવવામાં આવી હતી. જેમાં તે સમયના તત્કાલીન ડીજીપી, તે વખતના આઈબી ડીજીપી, તે વખતના એસીએસ હોમ સહિતના અધિકારીઓના નિવેદન લેવાયા હતા. ત્યારે સંજીવ ભટ્ટના ખોટા સોંગદનામાને લઈને એસઆઈટી તમામ અધિકારીઓના ફરીથી નિવેદન લેવાશે. આ સાથે જ એ પણ ખુલાસો થયો છે કે, તત્કાલીન મુખ્યમંત્રી રમખાણો વખતે બોલાવેલી બેઠકમા સંજીવ ભટ્ટ હાજર ન હતા. તો વર્ષ ૨૦૦૨ ના ગુજરાત રમખાણોમાં ખોટા એફિડેવિટ કરવા અને સાક્ષી ઉભા કરવાનો મામલે તિસ્તા સેતલવાડ સામે વધુ એક મહત્વનું નિવેદન એસઆઈટી દ્વારા નોંધવામાં આવ્યું છે. વર્ષો સુધી સાથે કામ કર્યા બાદ છુટા પડેલા રઈસ ખાને જીૈ઼ સામે નિવેદન નોંધ્યુ છે. તિસ્તાના એક સમયના ઘનિષ્ઠ સાથી રઈસ ખાને તીસ્તા સામે મેજિસ્ટ્રેટ સમક્ષ ૧૬૪ મુજબ નિવેદન આપ્યુ છે. જેના આધારે આ કેસમાં નવા આરોપીઓ ઉમેરવાની શક્યતા છે. રઈસ ખાને પોતાના નિવેદનમાં જણાવ્યું કે, તિસ્તા સેતલવાડની કોંગ્રેસના નેતા અહેમદ પટેલ સાથે બેઠક થઈ ત્યારે તે પોતે હાજર હતો. બેઠકમાં કોંગ્રેસના તત્કાલિન નેતાઓ પણ હાજર હતા. બેઠક સર્કિટ હાઉસ ખાતે મળી હતી અને જેમાં અહેમદ પટેલે ૫ લાખ રૂપિયા આપ્યા હતા અને સાથે જ પછી ૨૫ લાખ રૂપિયા આપ્યા હતા. આ બેઠક ગુજરાતમાં થનારી ચૂંટણીમાં સરકાર ઉથલાવી પાડવા માટે મોટું ષડયંત્ર ઘડવા માટે મળી હતી. ત્યાર બાદ તિસ્તાએ રઈસ ખાનને પણ ધમકીઓ આપી હતી અને તેણે તીસ્તા સાથે છેડો ફાડી દીધો હતો.

# જળ પરિયોજનાઓમાં ૫૫.૯૫ ટકા જળસંગ્રહ

ગાંધીનગર, તા.૧૮

રાજ્યમાં થઈ રહેલા સારા વરસાદને પરિણામે રાજ્યની મહત્વની ૨૦૭ જળ પરિયોજનાઓમાં તા. ૧૮ જુલાઈ-૨૦૨૨ સુધીમાં ૫૫.૯૫ ટકા જેટલો જળસંગ્રહ થયો છે. રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર યોજનામાં ૧,૭૫,૦૮૭ એમસીએફટી એટલે કે કુલ સંગ્રહ શક્તિના ૫૨.૪૧ ટકા જેટલો જળસંગ્રહ થયો છે.

રાજ્યના જળસંપત્તિ વિભાગના ફલડ સેલ દ્વારા મળેલાં અહેવાલો મુજબ રાજ્યના ૨૦૬ જળાશયોમાં ૩,૧૨,૩૨૫ એમસીએફટી એટલે કે કુલ જળસંગ્રહ શક્તિના ૫૫.૯૫ ટકા જેટલો જળસંગ્રહ થયો છે.

રાજ્યમાં ૨૯ જળાશયોમાં ૧૦૦ ટકાથી વધુ જળસંગ્રહ થયો છે. જયારે ૪૨ જળાશયોમાં ૭૦ ટકાથી ૧૦૦ ટકાની વચ્ચે, ૩૦ જળાશયો (સરદાર સરોવર સહિત)માં ૫૦ ટકાથી ૭૦ ટકાની વચ્ચે, ૪૪ જળાશયોમાં ૨૫ ટકાથી ૫૦ ટકાની વચ્ચે, ૬૧ જળાશયોમાં ૨૫ ટકાથી ઓછો જળસંગ્રહ થયો છે. આ જળાશયોમાં ઉત્તર ગુજરાતના ૧૫ જળાશયો, મધ્ય ગુજરાતના ૧૭ જળાશયો, દક્ષિણ ગુજરાતના ૧૩ જળાશયો, કચ્છના ૨૦ જળાશયો અને સૌરાષ્ટ્રના ૧૪૧ જળાશયોનો સમાવેશ થાય છે.અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં ૨૯ જળાશયો ૧૦૦ ટકાથી વધુ જ્યારે ૧૭ જળાશયો ૯૦ ટકાથી ૧૦૦ ટકા વચ્ચે ભરાતા હાઈએલર્ટ પર છે.

# વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન ખાતે સંયુક્ત મીટીંગ યોજાઈ

ગાંધીનગર, તા.૧૮

"વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન" જાસપુર (અમદાવાદ) ખાતે સંયુકત મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના પ્રમુખ આર.પી. પટેલે પાટીદાર સમાજને વધુમાં વધુ વિવિધ ક્ષેત્રે લાભો થાય તેમજ સમાજ હજી પણ વધુમાં વધુ સંગઠિત થઈને એકબીજાને મદદરૂપ થઈ શકીએ તેના વિશેની વિશેષ માહિતી આપી હતી તેમજ વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના પ્રમુખ આર.પી.પટેલની વિશેષ ઉપસ્થિતિમાં ગાંધીનગર મહાનગર ભારતીય જનતા પાર્ટીના મહામંત્રી તેમજ સરદાર પટેલ ગ્રૂપ (SPG)ના ઉપાધ્યક્ષ ગૌરાંગભાઈ પટેલની વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન યુથ કાઉન્સિલ કેન્દ્રીય કમિટીમાં વાઈસ ચેરમેન તરીકે નિમણૂક થવા બદલ ખુબ ખુબ અભિનંદન પાઠવ્યા હતા.




## મેઘમણિ ફાઈનકેમે ભારતનો સૌથી મોટો ક્લોરિનેટેડ પોલીવિનાઈલ ક્લોરાઈડ રેઝિન (સીપીવીસી રેઝિન) પ્લાન્ટ કાર્યરત કર્યો

અમદાવાદ, તા.૧૮

ભારતના અગ્રણી કેમિકલ ઉત્પાદક મેઘમણિ ફાઈનકેમ લિમિટેડ ('એમએફએલ' અથવા કંપની)એ ગુજરાતના દહેજમાં ક્લોરિનેટેડ પોલીવિનાઈલ ક્લોરાઈડ રેઝિન (સીપીવીસી રેઝિન) પ્લાન્ટનેસફળતાપૂર્વક કાર્યરત કર્યાની જાહેરાત કરી હતી. આ નવો પ્લાન્ટ વાર્ષિક ૩૦,૦૦૦ ટન (ટીપીએ)ની ઉત્પાદન ક્ષમતા સાથે ભારતમાં સૌથી વિશાળ છે. પડકારજનક બાહ્ય પરિબળો વચ્ચે પણ કોઈપણ વધારાના ખર્ચ વિના પ્લાન્ટ સમયસર કાર્યરત થયો છે, જે કંપનીની મજબૂત પ્રોજેક્ટ અમલીકરણ ક્ષમતાઓનો પુરાવો છે.

ભારતમાં સીપીવીસી રેઝિનની વાર્ષિક માગ આશરે ૧,૪૦,૦૦૦ ટન (ટીપીએ) છે અને તે આગામી પાંચ વર્ષમાં આશરે ૧૩ ટકાના સીએજીઆર સાથે વધવાની સંભાવના છે. ભારતની સીપીવીસી રેઝિનની અંદાજિત ૯૫ ટકા માગ આયાત દ્વારા પૂર્ણ કરાય છે. આ પ્રોડકટમાં એમએફએલનો પ્રવેશ કેન્દ્ર સરકારની આત્મનિર્ભર ભારત અને મેક ઈન ઈન્ડિયા પહેલ સાથે સુસંગત છે. તેનાથી સીપીવીસી રેઝિન ગ્રાહકોની આયાત ઉપરની નિર્ભરતા ઘટશે તથા દેશને વિદેશી હૂંડિયામણની અનામતો પણ બચાવવામાં મદદ મળશે.

સીપીવીસી રેઝિનનો ઉપયોગ સીપીવીસી પાઈપ્સ અને ફિટિંગ્સના ઉત્પાદન માટે થાય છે. સીપીવીસી પાઈપ ઉચ્ચ ગરમી પ્રતિરોધક અને કેમિકલ પ્રતિરોધક ગુણો ધરાવે છે. તેની વિશેષતાઓને જોતાં સીપીવીસી ઘરેલુ અને ઔદ્યોગિક હેતુઓ માટે વ્યાપકપણે ઉપયોગમાં લેવાય છે.

સીપીવીસી રેઝિન ઉચ્ચ મૂલ્ય ધરાવતી પ્રોડક્ટ છે. સીપીવીસી રેઝિનના હાલનાભાવને જોતાં એમએફએલને એસેટ ટર્નઓવર રેશિયો ૨.૦૮થી ઉપર રહેવાનો અંદાજ છે, જે કંપનીના સંપૂર્ણ ઈબીઆઈટીડીએમાં સુધારો કરશે તથા ઉચ્ચ આરઓસીઈ (રિટર્ન ઓન કેપિટલ એમ્પલોઈડ) સાથે શેરધારકો માટે મૂલ્ય સર્જન કરશે.

# અમરેલીમાં આતંક મચાવનારી અસ્થિર મગજની સિંહણને અંતે પકડી લેવાઈ

અમરેલી,તા.૧૮

જિલ્લાના જાફરાબાદ તાલુકાના બાબરકોટ ગામ પાસે રવિવારે એક સિંહણે આતંક મચાવી છ લોકો પર હુમલો કર્યો હતો. જેના કારણે આખા પંથકમાં ફફડાટ ફેલાયો હતો. વનવિભાગે સ્પષ્ટતા કરતા જણાવ્યું હતુ કે, આ સિંહણ અસ્થિર મગજની છે. જેથી લોકોને ઘરની બહાર ન નીકળવાની અપીલ કરી હતી. જોકે, ભારે જહેમત બાદ આજે (સોમવારે) સવારે વનવિભાગે સિંહણને ઝડપી પાડીને સકંજામાં લઈ લીધી છે. ગઈકાલથી જ વનવિભાગે સિંહણના રેસ્ક્યૂ માટેના પ્રયાસો હાથ ધર્યા હતા. નોંધનીય છે કે, સિંહણ સામાન્ય રીતે માણસ ઉપર હુમલો કરતી નથી. જાફરાબાદ તાલુકાના બાબરકોટ ગામ પાસે રવિવારે વહેલી સવારે સિંહણે વનવિભાગના ટ્રેકર પર હુમલો કર્યો હતો.

ત્યારબાદ ગામના બે SRD જવાનો પર હુમલો કરી ઈજાગ્રસ્ત કર્યા કર્યા હતા. SRD જવાનોના પરના હુમલા સમયે સિંહણ આક્રમક બની હતી. તેમની લાકડી વડે સામનો કરતા SRD જવાનનો જીવ બચી ગયો હતો. સવારના સમયે હુમલાની ઘટના બન્યા બાદ સાંજના સમયે પણ સિંહણે ત્રણ લોકો પર હુમલો કરી ઘાયલ કર્યા હતા.

## અંધારપટ્ટ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દહેશત પણ પ્રબળ બની છે. સેકટરોમાં વરસાદી છાંટણા પડતા જ અવારનવાર સ્ટ્રીટ લાઈટો ડુલ થઈ જાય છે. એક દિવસ ચાલુ અને બે દિવસ બંધ રહેતી સ્ટ્રીટ લાઈટના લીધે સેકટરોમાં અંધારુ છવાયેલુ જોવા મળે છે. જયારે શોપિંગ અને બગીચા વિસ્તાર સાથે જોડાયેલા માર્ગ પર સાંજના સમયે પણ અવરજવર વિશેષ હોય છે તેવા વિસ્તારમાં પણ સ્ટ્રીટ લાઈટો ડુલ રહેતા સેકટરવાસીઓ પરેશાન છે. જયારે સેકટરોના કોમન ચોકમાં પણ અંધારપટ્ટથી સોસાયટીના રહીશોમાં પણ આક્રોશ પ્રવર્તયો છે. રાત્રિના સમયે વરસાદી વાતાવરણમાં અંધારા વચ્ચે તસ્કરીનો ભય પણ રહીશોને સતાવી રહ્યો છે. સેકટરોમાં બંધ સ્ટ્રીટ લાઈટો શરૂ કરવા માટે તંત્ર કક્ષાએથી યોગ્ય સર્વે કરીને કાયમી આ સમસ્યાનો નિકાલ આવે તેવી વ્યવસ્થા ગોઠવવા માટે પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.

## સ્થિર થયો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નિયંત્રિત કરવા તંત્રએ ટ્રેકીંગ, ટ્રેસીંગ અને ટ્રીટમેન્ટની નીતિનો અમલ કરવા માટેની સૂચનાઓ આપી છે તેમજ ટેસ્ટીંગમાં વધારો કરવા પણ જણાવ્યુ છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૨૧ કેસ નોંધાયા છે. જેમાં ૧૨ થી વધુ મહિલા દર્દીનો સમાવેશ થાય છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં દહેગામમાં ૧ કેસ, ગાંધીનગર ગ્રામ્યમાં ૧૫ કેસ અને કલોલમાં પાંચ કેસ નોંધાયા છે. ગાંધીનગર અને કલોલમાં જે ઝડપથી કેસો વધી રહ્યા છે તેણે તંત્રની ચિંતામાં વધારો કર્યો છે.

દહેગામમાં વાસણા ચૌધરી ગામેથી એક કેસ મળી આવેલ છે.

ગાંધીનગર તાલુકામાં કોરોનાની આ ચોથી લ્હેરમાં પણ હોટ સ્પોટ બની ઉભરી આવેલ અડાલજ ગામેથી નવ કેસ મળી આવ્યા છે. અડાલજમાં અત્યાર સુધીમાં ૩૦ થી વધુ કેસ આ નવી લ્હેરમાં નોંધાયા હોવાથી તંત્રની ચિંતા વધી છે.

તાલુકાના છાલા ગામેથી પણ વધુ ૩ કેસ નોંધાતા છાલા પણ હવે સંવેદનશીલ બન્યુ છે. આ ઉપરાંત આદરજ, દંતાલી અને ગિફ્ટસીટી વિસ્તારમાંથી એક-એક કેસ મળી આવેલ છે.

કલોલ તાલુકામાં કલોલ અર્બન-૧ માંથી એક, બોરીસણામાંથી બે તેમજ અદાણી શાંતિગ્રામ અને મંડાલી ગામેથી એક-એક કેસ મળી આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આજે નવ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસો સાથે ૧૨૪ દર્દીઓ હાલ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. ગ્રામ્ય વિસ્તારમાં ૬૭૦૦થી વધુ લોકોને હોમ આઈસોલેટ કરવામાં આવ્યા છે.

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના ૧૬ કેસ નોંધાયા છે. શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તાર અને સેક્ટરોમાં ૮-૮ કેસ નોંધાયા છે. શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં ૪ મહિલા દર્દી, બે ૬૦થી વધુ વયના દર્દીઓ નોંધાયા છે.

ગાંધીનગર શહેરમાં હવે પરિવારો સંક્રમિત થઈ રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે. આજે નોંધાયેલા કેસોમાં એક દર્દી બિહારથી અને એક અન્ય દર્દી તામિલનાડુથી આવેલ હોવાનું તંત્રની તપાસમાં જણાયુ છે.

ગાંધીનગર શહેરમાં આજે સે. ૮ માંથી ૩, કુડાસણ અને જાણીતા શૈક્ષણિક સંકુલ આઈઆઈટીમાંથી ૨-૨ કેસ મળવા ઉપરાંત રાંધેજા, પોર, રાયસણ, ધોળાકુવા, સે. ૨, ૩, ૭, ૧૨ અને ૨૯માંથી પણ કેસ મળ્યા છે.

શહેરમાં લોકલ ટ્રાન્સમિશન વધી રહ્યુ હોવાથી તંત્રએ સઘન સર્વેલન્સ માટેની તેમજ જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે માટે તાકીદ કરી છે.

શહેરમાં આજે નોંધાયેલા દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. શહેરમાં આજે ૨૧ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

શહેરમાં આજે નોંધાયેલા દર્દીઓ સાથે એક્ટીવ દર્દીઓની સંખ્યા ૧૬૩ પર પહોંચી છે. તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક થાય તે માટે પણ તાકીદ કરી છે.

## કટોકટી જાહેર

● અનુસંધાન પહેલાનું ચાલુ

આવ્યા હતા. ત્યાર બાદ ઈમરજન્સી હટાવી લેવાઈ હતી પરંતુ હવે એક સપ્તાહની અંદર જ ફરી એક વખત ઈમરજન્સી લાગુ કરવામાં આવી છે.

ગોટાબાયા રાજપક્ષે દેશ છોડીને ભાગી ગયા તે કારણે રોષે ભરાયેલી શ્રીલંકન જનતા હવે નવી માગણી સાથે પ્રદર્શન કરી રહી છે. પ્રદર્શનકારીઓ રાષ્ટ્રપતિ પદને ખતમ કરીને વ્યવસ્થામાં ફેરફાર ન આવે ત્યાં સુધી સંઘર્ષ ચાલુ રાખવાની વાત કરી રહ્યા છે. પાછલા કેટલાક દિવસોમાં તેઓ રાષ્ટ્રપતિ ભવનમાં પણ ઘૂસી ગયા હતા. ઉપરાંત સંસદ ભવન તથા પીએમ હાઉસને પણ ઘેરી લીધા હતા. જ્યારે રાનિલ વિક્રમસિંઘેનું અંગત ઘર પણ સળગાવી દેવાયું હતું.

આ બધા વચ્ચે આર્થિક સંકટનો સામનો કરી રહેલા શ્રીલંકાના લોકો માટે એક રાહતજનક સમાચાર સામે આવ્યા છે. શ્રીલંકાની સરકારી કંપની સીલોન પેટ્રોલિયમ કોર્પોરેશન (સીપીસી)એ રવિવારના રોજ ડીઝલ તથા પેટ્રોલની છૂટક કિંમતોમાં ઘટાડો કર્યો હતો. ફેબ્રુઆરી મહિના બાદ કુલ ૫ વખત થયેલા વધારા બાદ ઈંધણની કિંમતોમાં પ્રથમ વખત ઘટાડો કરાયો છે.

શ્રીલંકામાં પેટ્રોલ-ડીઝલની છૂટક કિંમતોમાં ૨૦-૨૦ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો છે. મે મહિનાના અંતમાં બંનેની કિંમતોમાં ૫૦ અને ૬૦ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો હતો. આ સાથે જ ઈન્ડિયન ઓઈલ કંપનીના સ્થાનિક સંચાલનવાળી કંપની લંકા ઈન્ડિયન ઓઈલ કંપનીએ પણ પોતે ઈંધણની કિંમતોમાં ઘટાડો કરશે તેમ જાહેર કર્યું છે. શ્રીલંકન સરકારે ગત ૨૭મી જૂનથી ઈંધણની આપૂર્તિ બંધ કરી દીધી હતી અને માત્ર આવશ્યક સેવાઓ માટે જ પેટ્રોલ-ડીઝલની મંજૂરી છે.